# રાજયની પેટા ચૂંટણીમાં સરેરાશ ૪૬થી ૪૮ ટકા મતદાન

## તા. ૫મી જૂને મતગણતરી : પોરબંદર અને ધોરાજીમાં ઓછા મતદાનને લીધે ભાજપ દ્વિધામાં : ભાજપ અને કોંગ્રેસે જીતના દાવા કર્યા

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં બે લોકસભા અને ચાર વિધાનસભાની પેટાચૂંટણીમાં આજે સરેરાશ ૪૬થી ૪૮ ટકા મતદાન થયું હતું જેમાં લોકસભાની બનાસકાંઠાની પેટા ચૂંટણીમાં ૩૮ ટકા, પોરબંદરની પેટા ચૂંટણીમાં ૩૫ ટકા, તથા ચાર વિધાનસભાની પેટા ચૂંટણીમાં લીંબડીમાં ૬૨.૫૦ ટકા, ધોરાજીમાં૩૦.૭૮ ટકા, જેતપુરમાં ૪૫.૨૬ ટકા અને મોરવાહડફમાં ૬૫ ટકા સરેરાશ મતદાન થયું હતું.

રાજ્યમાં બનાસકાંઠા અને પોરબંદર બેઠકની લોકસભાની પેટાચૂંટણી તથા લીંબડી, મોરવાહડફ, જેતપુર અને ધોરાજી બેઠકની વિધાનસભાની પેટાચૂંટણી આજે એકંદરે શાંતિપૂર્ણ રીતે સમાપન થઈ હતી. ચૂંટણી પૂર્ણ થયા બાદ ભાજપ અને કોંગ્રેસ જીત મેળવવાના દાવા કર્યા છે.

તા. ૫મી જૂને પરિણામો જાહેર કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં બે લોકસભા અને ચાર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં બપોરે ૧ વાગ્યા સુધી ઓછું મતદાન નોંધાયું હતું જેમાં મોરવાહડફમાં ૪૨ ટકા લીંબડીમાં ૩૪ ટકા, બનાસકાંઠા અને ધોરાજીમાં ૨૨ ટકા, જેતપુરમાં ૨૫ ટકા તથા પોરબંદરમાં માત્ર ૧૫ ટકા જ મતદાન થયું હતું પણ બપોર બાદ મતદારો મોટી સંખ્યામાં મત આપવા માટે નીકળ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ગોંડલના રીબડા ગામે ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. સ્થાનિક પ્રશ્નો નહીં ઉકેલાતા ગ્રામજનોએ મતદાન બહિષ્કારનો માર્ગ અપનાવ્યો હતો. જયારે પોરબંદર લોકસભાની પેટા ચૂંટણીમાં કોયલી અને નાંદરખીના ગ્રામજનોએ ટોલટેક્સના વિરોધમાં નેગેટિવ મતદાન કર્યું હોવાના વાવાડ મળ્યા છે. લીંબડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપે બોગસ મતદાન કરાવ્યું હોવાની કોંગ્રેસના સાંસદ સોમાભાઈ પટેલે ફરીયાદ કરી હતી. ચૂડાના લીયાદ ગામે કોંગ્રેસના ચૂંટણી એજનટને માર મારીને ભગાડી મૂકયાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો, મોજીદડ ગામે ભાજપના કાર્યકરોએ પંચ દ્વારા મતદાન પ્રક્રિયાનું થતું શુંટીંગ બંધ કરાવ્યાની રાવ મળી છે.

ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન દ્વારા મતદાન પુર્ણ થયા બાદ તા.૫મી જૂનના રોજ છ બેઠકોની પેટાચૂંટણીના પરિણામો જાહેર થશે.

લોકસભાની બે તથા ધારાસભાની ચાર મળીને છએ છ બેઠકોની ગત ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવારો વિજેતા બન્યા હોવાથી આ છ પૈકી ભાજપ કેટલી બેઠક અને કોંગ્રેસ પાસેથી છીનવી લે અથવા છ બેઠકો કોંગ્રેસ યથાવત જાળવી રાખે છે કે કેમ ? તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે. વિધાનસભાની જેતપુરની અને લોકસભાની પોરબંદરની બેઠક પર થોડા સમય પહેલા જ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં ભળેલા જયેશભાઈ રાદડીયા અને તેના પિતા વિઠ્ઠલભાઈ રાદડીયા ચૂંટણી લડી રહ્યા હોવાથી આ બન્ને બેઠકો પર મતદારો શું યુકાદો આપે છે ? તેના પર માત્ર ગુજરાત નહીં પરંતુ દેશના રાજકારણીઓ મીટ માંડીને બેઠા છે. પેટા ચૂંટણીમાં આ બંન્ને રાજકીય પક્ષોમાં રાષ્ટ્રીય કક્ષાના આગેવાનો અને મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારની દૂર રહ્યા હતા. સમગ્ર રાજ્યની કુલ છ બેઠક માટે ૩૮૮૬ સ્થળો પર મતદાન યોજાયું હતું. આ ચુંટણીમાં ૩૩,૬૪,૮૧૧ મતદારો નોંધાયેલા છે અને તા.૫ જૂને છ જગ્યાએ મતગણતરી હાથ ધરવામાં આવશે. આ ચૂંટણીમાં ૩૩ ઉમેદવારો મેદાનમાં છે. ૩૦ પુરૂષો અને ત્રણ મહિલા ઉમેદવારના ભાવી ઈવીએમમાં કેદ થયા છે.બનાસકાંઠામાં-૮, પોરબંદર-૭, લીંબડીમાં-૬, જેતપુર-૫, ધોરાજી-૫, મોરવાહડફ-૨ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો. બનાસકાંઠાની ગર્વમેન્ટ ઈજનેરી કોલેજ પાલનપુર, પોરબંદરમાં ગર્વમેન્ટ પોલીટેકનીક પોરબંદર લીંબડીમાં તાલુકા સેવા સદન, જેતપુર અને ધોરાજી બન્ને બેઠકનું કાઉન્ટીંગ સરકારી પોલીટેકનીક પોરબંદર, મોરવાહડફની સેન્ટ એન્ટ્રોલ સ્કૂલ ગોધરા ખાતે ગણતરી હાથ ધરશે. આ મતગણતરી માટે ૧૬ કાઉન્ટીંગ હોલ નક્કી કરવામાં આવ્યો છે. ૨૨૨ કાઉન્ટીંગ ટેબલ મુકવામાં આવ્યા છે. આ સમગ્ર ચૂંટણી દરમિયાન ૫૨૬૮ ઈવીએમનો ઉપયોગ કરવામાં આવશે. આ ચૂંટણીમાં ૧૬ જેટલા પુરાવઓને માન્યતા આપવામાં આવી છે.



ગાંધીનગર-સરખેજ હાઈવે પર શીખ સમુદાયના લોકોએ શીખ વિરોધી રમખાણના મામલે ન્યાયની માંગણી કરીને રેલી યોજી હતી.

# લીંબડીની બેઠક પર બોગસ મતદાનની કોંગીની ફરીયાદ

ગાંધીનગર,તા. ૨

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટેની પેટાચુંટણી માટે આજે મતદાન યોજાયું હતું. મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું હતું પરંતુ અપેક્ષા કરતા ઓછુ મતદાન રહેતા ભાજપ અનો કોંગ્રેસ બન્નેમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું. એકબાજુ કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, લીંબડી બેઠક ઉપર વ્યાપક રીતે બોગસ મતદાન થયું છે. ૧૩ ગામમા બોગસ મતદાન થયું હોવાની ફરીયાદ કોંગ્રેસે ચુંટણી પંચ સમક્ષ કરી છે. ઓછું મતદાન કોની તરફેણ કરશે તે બાબત પાંચમી જુનના દિવસે જાણવા મળશે. પરંતુ હાલમાં કોંગ્રેસ અને ભાજપ બન્ને પોતપોતાની ગણતરીમાં લાગી ગયા છે. રસપ્રદ બાબત એ છે કે, લોકસભાની બન્ને અને વિધાનસભાની ચાર બેઠકોની પેટાચુંટણી યોજાઈ છે તે તમામ હાલમાં કોંગ્રેસના કબ્જામાં છે. બીજીબાજુ ગોંડલના રિબડા ગામમાં સુવિધાઓના અભાવથી મતદારોએ બહિષ્કાર કર્યો હતો. અહીં એકપણ મત ન પડતા રાજકીય પક્ષોમાં સોપો પડી ગયો હતો.

# યુસીડીના પ્રમાણપત્રોને માન્ય રાખવા માટે અપીલ

### કોંગ્રેસના ધારાસભ્યની જોરદાર માંગણી : કેન્સર-હૃદયની ગંભીર બિમારીથી ગ્રસ્ત ગરીબ દર્દીઓના હિતમાં પ્રમાણપત્ર માન્ય રાખવાની હોસ્પિટલને અપીલ

અમદાવાદ,તા. ૨

કેન્સર અને હૃદયની ગંભીર બિમારીથી પીડાતા ગરીબ દર્દીઓના હિતમાં મ્યુનિ.યુસીડી વિભાગ દ્વારા અપાતા પ્રમાણપત્રોને સિવિલ કેન્સર હોસ્પિટલ અને યુએન મહેતા કાર્ડીયોલોજી સેન્ટરે માન્ય રાખવા જોઈએ એવી માગણી ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે કરી છે.

તેમણે એક નિવેદનમાં જણાવ્યું છે કે,રાજ્યમાં હૃદય, કીડની, કેન્સર તથા અન્ય ગંભીર બિમારીઓથી ગરીબ દર્દીઓ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે હાલાકી ભોગવી રહ્યા છે. ઘણા કિસ્સાઓમાં આર્થિક તંગીને કારણે ગંભીર બિમારીઓમાં સપડાયેલા ગરીબ દર્દીઓ યોગ્ય સારવારના અભાવે મૃત્યુના મુખમાં હોમાઈ રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુસીડી વિભાગે ઠરાવ દ્વારા ખાસ કિસ્સામાં માનવતાના ધોરણે ગંભીર બિમારીઓથી પીડાતા, ગરીબી રેખા નીચે જીવતા ગરીબી રેખા નીચે જીવતા ગરીબ દર્દીઓને કે જેમનો બીપીએલ યાદીમાં સમાવેશ કરાયો નથી તેવા ૩૦ વારથી ઓછું બાંધકામવાળું મકાન ધરાવતા વ્યક્તિઓને ફક્ત તબીબી સહાય માટે પ્રમાણપત્ર આપવામાં આવે છે. પ્રમાણપત્રે સિવિલ જનરલ હોસ્પિટલ તેમજ કીડની ઈન્સ્ટીટ્યુટમાં માન્ય રાખવામાં આવે છે. પરંતુ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ કેન્સર વિભાગ તેમજ યુએન મહેતા કાર્ડીયોલોજી સેન્ટર ખાતે માન્ય રાખવામાં આવતા નથી. મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનામાં ગરીબી રેખા નીચે જીવતા દર્દીઓને જીવલેણ રોગો માટે નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના યુસીડી વિભાગ દ્વારા અપાતા પ્રમાણપત્રને પણ મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના સમકક્ષ ગણીને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવી જોઈએ. રાજ્ય સરકારે મ્યુનિ.કોર્પો.ના યુસીડીના પ્રમાણપત્રને અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલ તથા કીડની ઈન્સ્ટીટ્યુટ માન્ય રાખે છે તે પદ્ધતિથી યુ એન મહેતા હાર્ટ સેન્ટર અને કેન્સર હોસ્પિટલે યુસીડી પ્રમાણપત્રને માન્ય રાખીને હાર્ટ અને કેન્સરની ગંભીર બિમારીથી પીડાતા દર્દીઓને નિઃશુલ્ક સારવાર મળી રહે તેમ આદેશ કરવો જોઈએ.

# સૌરાષ્ટ્ર અને દીવ-દમણમાં વરસાદ પડવાની સંભાવના

### રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડીગ્રી, રાજ્યમાં ૧૦ શહેરોમાં ગરમી ૪૦ ડીગ્રીથી વધારે નોંધાઈ

અમદાવાદ,તા. ૨

સૌરાષ્ટ્રમાં ગઈકાલે પડેલા ધોધમાર વરસાદ બાદ આજે સમગ્ર રાજ્યમાં ગરમીનું મોજું ફરી વળ્યું હતું. જોકે હવામાન વિભાગની આગાહી છે કે, આવતીકાલે અમદાવાદમાં આકાશવાદળ છાયુ રહેશે અને મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી, જ્યારે રાજ્યના તમામ જિલ્લા, સૌરાષ્ટ્ર, દીવ, દમણ અને દાદરા-નગર હેવલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. જોકે કચ્છ જિલ્લામાં ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે.

અમદાવાદ સહિત રાજ્યમાં આજે હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડિગ્રી નોંધાઈ હતી. રાજ્યના ૧૦ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૯ ટકા નોધાયું હતુ. ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ૪૦.૦, ભુજ ૩૯.૬, સુરેન્દ્રનગર ૪૧.૭, વડોદરા ૪૦.૦, સુરત ૩૫.૨, ગાંધીનગર ૪૦.૩, ડિસા ૪૦.૫, ભાવનગર ૩૭.૮, મહુવા ૩૫.૦, નલીયા ૩૫.૪, વલસાડ ૩૬.૪ ડિગ્રી ઈડર ૪૧.૬, અમરેલી ૪૦.૧ સેલ્સિયસ નોંધાયું હતું.

# તલોદમાં અનોખો કેમલ કેમ્પ યોજાયો






રકતદાન કેમ્પ, વાંધ્યત્વ નિવારણ કેમ્પ અને ગાય ભેંસ જેવા પશુઓ માટે યોજાતા નિદાન સારવાર કેમ્પથી એકદમ આગળ વધીને તલોદ ખાતે તાજેતરમાં 'કેમલ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૨ જેટલા ઊંટને દાક્તરી નિદાન અને સારવાર વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. તલોદ માર્કેટ સમિતિ, પશુ દવાખાનું તથા જિલ્લા પંચાયત પશુપાલન વિભાગના ત્રિભેટે આ કેમ્પ સંપન્ન થયો હતો. કેમ્પમાં પશુ ચિકિત્સકોની ટીમે તમામ ઊંટને ચકરી અને ખોટા ખસના રોગ સહિતના રોગની સારવાર પુરી પાડી હતી.

## સામાન્ય પ્રવાહનું પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા આપી હતી. જેમાં રીપીટર વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ બાદ આગામી સપ્તાહના અંતમાં ધો-૧૦નું પરિણામ જાહેર થાય તેવી સંભાવના છે. મહત્વના બોર્ડ પરીક્ષાના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ઉત્સુકતા જોવા મળે છે.

## શબ્દાવલી - ૫૦૭૮



**આડી ચાવી**

૧. હાથીનો અસવાર જે હાથીને કંટ્રોલમાં રાખે છે તે (૪)
૪. પ્રેમ, સ્નેહ (૨)
૬. રક્તવાહિની, શીરા અને ... (૩)
૭. ચરણામૃતથી અને માથે ચડાવવું તે (૪)
૮. માટલા આકારનું એક વાદ્ય (૨)
૯. ફોન, દૂરભાષયંત્ર (૪)
૧૧. બે માલિક વચ્ચે બિચારા એક પિયુનનો... (૨)
૧૩. સરઘસ (૨)
૧૪. રસ્તો, વાટ (૩)
૧૬. ... રકાબી, પ્યાલો (૨)
૧૭. ઉજાસ, તેજ (૩)
૧૯. કરવી... રજ ઉઠાડવી (૬)
૨૧. ... જ્ઞાતિ. એક જાતિ (૩)
૨૨. નેત્ર, આંખ (૩)

**ઊભી ચાવી**

૧. લોકસેવાના પ્રેરણામૂર્તિ મહિલા (૬)
૨. હિંમત (૨)
૩. ... કરણ, વનને લગતું (૨)
૪. ક્ષેમકુશળ (૪)
૫. શરીર (૨)
૭. આજ્ઞા, ... આપવી (૨)
૮. સ્મૃતિપટલ, મનને અનુલક્ષીને (૫)
૧૦. સુકી નહી તેવી (૨)
૧૨. નુર, તેજ (૩)
૧૫. કચબચીયા, પાકા ખેલાડી ના હોય તેવા (૪)
૧૬. પ્રપંચ, પાપ (૩)
૧૮. માંસ (૩)
૧૯. કાણાવાળુ એક સાધન જે તળાવના ઉપયોગમાં લેવાય (૨)
૨૦. હિંચકો (૨)

### શબ્દાવલી ૫૦૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભીંતર (૪) પરબત (૭) રૂખસદ (૯) રઝળપાટ (૧૧) તમા (૧૨) રાસ (૧૪) યોજનાબદ્ધ (૧૮) વારી (૧૯) માતલી (૨૦) સયાજીરાવ (૨૨) દાવ (૨૪) મરો (૨૫) નખ

**ઊભી ચાવી :-** (૧) ભીરૂ (૨) તખતી (૩) રસ (૫) રસાળ (૬) તર્કટ (૮) દરમાયો (૧૦) કારાવાસ (૧૬) નાત (૧૭) બલીદાન (૨૧) જીરો (૨૩) વખ

# ટપક સિંચાઈનો ઉપયોગ કરી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય

ટપક સિંચાઈથી છોડને પાણી અને ખાતર યોગ્ય જથ્થામાં મળે છે. છોડના મૂળ વિસ્તારમાં ટીપે ટીપે લાંબા સમય માટે પાણી મળે છે. નિયમિત અંતરાલથી એક સાથે અસંખ્ય છોડ કે ઝાડને એક સરખું પાણી અને ખાતર મળે છે. ટપક સિંચાઈથી દરેક છોડને જરૂરીયાત મુજબનું પાણી અને ખાતર મળતાં એક સમાન અંકુરણ અને છોડનો વિકાસ થાય છે. વધુ છોડનું વાવેતર કરી શકાય છે. નીદામણ ન થવાથી રોગ આવવાની સંભાવના ઓછી રહે છે. એકસરખી અને ઝડપી પરિપકવતા આવે છે. છોડ માટે હંમેશાં અનુકુળ ભેજવાળી પરિસ્થિતિ રહે છે. જેનાથી ઉત્પાદન અને ગુણવત્તામાં ૩૦ થી ૭૦નો વધારો થાય છે.

ટપક સિંચાઇ પધ્ધતિથી પાણીનું નહીવત બાષ્પીભવન થાય છે. જમીનનું ધોવાણ અટકે છે. ક્ષારયુક્ત પાણીથી સિંચાઇ શકય બને છે. બધા જ છોડને એકસરખું પાણી મળવાથી અને મૂળ વિસ્તારથી નીચે પાણીનો વ્યય નહીવત થાય છે. પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થવાથી ૩૦% થી ૭૦%નો પાણીનો બચાવ થાય છે. આ પધ્ધતિથી ખુબ ઓછી માત્રામાં સુક્ષ્મ પોષક તત્વોનો -યોગ કરી શકાય છે. એક સરખું ખાતરનું વિતરણ થતાં ખાતરનો ૩૦% થી ૪૦% બચાવ થાય છે. ફ્લડ સિંચાઇ કરતાં ટપક સિંચાઇમાં પાણીની જરૂરીયાત ઓછી હોવાથી પંપનો ઉપયોગ ઓછો થાય છે. જેનાથી ૧૦% થી ૨૦% ઉર્જા બચાવી શકાય છે.

ટપક સિંચાઇ પધ્ધતિમાં સિંચાઇ સાથે ખાતર વિતરણ કરવામાં આવે છે. જમીનની લેવલીંગની જરૂર પડતી નથી. જમીન જાળવણી અને આંતર પાક ખેડાણ કાર્યોમાં ઘટાડો થાય છે. પાણી સીધું મૂળ વિસ્તારને મળતું હોવાથી સુકી જમીન પર નિંદામણમાં ઘટાડો થાય છે. સિંચાઇ દરમિયાન ફર્ટીલાઇઝર પંપ દ્વારા અમુક હર્બીસાઇડ, ફંગીસાઇડ અને સીસ્ટેમેટીક કીટનાશક આપી શકાય છે. જેનાથી મજુરીમાં ૩૦% થી ૪૦%ની બચત થાય છે.

આ ટેકનોલોજીથી રાત્રે સિંચાઇ કરી શકાય છે. સ્વસંચાલિત પિયત થઇ શકે છે. મલ્ચીંગ સાથેની ખેતી થઇ શકે છે. પાકમાં વહેલી પરિપકવતા અને વહેલી કાપણી થઇ શકે છે. સિંચાઇ વખતે ખેડવું અને વાવવું શકય બને છે. ઢોળાવવાળી જમીનમાં પણ સિંચાઇ થઇ શકે છે. વિશાળ જમીનમાં પણ સિંચાઇ કાર્યમાં સરળતા રહે છે.

## કિશોરનું અપહરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાછળની સીટમાં નાંખીને કોઈ મકાનમાં લઈ ગયા અને રસોડામાં પુરી દીધો હતો. બીજી તરફ રાહુલે ઘરે જઈને સમગ્ર ઘટનાની જાણ કરી તો પરિવારજનો કાંપી ઉઠયા હતા. આ અંગે પોલીસને જાણ કરતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડી આવ્યા હતાં. શહેરના તમામ પ્રવેશદ્વારો તથા આસપાસના મુખ્ય સર્કલો પર સઘન ચેકીંગ શરુ કરી નાકાબંધી કરી દીધી હતી. અપહરણકારો ગભરાઈ જતાં બે કલાકમાં જ અપહ્યુત રાજને સેકટર-૫ ખાતે એક ગલ્લા પાસે છોડીને નાસી ગયા હતાં. ત્યાંથી ગલ્લાવાળા પાસેથી રૂ. ૫૦ લઈને રાજ રિક્ષા કરીને ઘરે પરત ગયો હતો ત્રણ આરોપીઓ કોણ હતાં તે કાંઈ જ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસે ચાર અલગ અલગ ટુકડીઓ બનાવીને ત્રણેયને પકડી પાડવા તજવીજ શરુ કરી દીધી છે.

## કાર્યક્રમોથી ભરચક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રસ્તુત થશે. જેનું આયોજન શિવરંજની દ્વારા કરાવાયુ છે. તાજેતરમાં જ જેનું અવસાન થયું છે તે હિન્દી ફિલ્મોના જાણીતા કલાકાર શમસાદ બેગમની યાદમાં કલા ગુર્જરી દ્વારા 'યાદ એ શમશાદ' કાર્યક્રમનું આયોજન કરાયું છે. દિપ્તી દેસાઈ, નિરજ પાઠક, અમીત ઠક્કર અને મોહસીન શેખ જેવા કલાકારો આ કાર્યક્રમમાં પોતાની કલાના કામણ પાથરશે. આ ઉપરાંત થનગનાટ દ્વારા અનુપ જલોટાનો કાર્યક્રમ, સિદ્ધાર્થ રાંદેરીયાનું નાટક ગુજ્જુભાઈની ગોલમાલ, પૂજન ડાન્સિંગ એકેડમી દ્વારા બાળકોની અભિવ્યક્તિ કાર્યક્રમ તથા જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા ગુજરાતી ગીતો હિન્દી જુના ગીતોના કાર્યક્રમોનું આયોજન પણ આ મહિને જ કરવામાં આવ્યું છે. આખો જૂન મહિનો કાર્યક્રમોથી ભરચક છે.

**નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર, કડી, જીલ્લો : મહેસાણા**

## જાહેરનામું

**જમીન સંપાદન અધિનિયમ સને ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

વળતર કેસ નંબર : ૩/૧૨

જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : કાસ્વા

નંબર : ૩/૧૨ તારીખ : ૧૪/૫/૧૩

નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર કડી, જી. મહેસાણાના જાહેરનામા ક્રમાંક : એલએક્યુ/કેસ / એસઆર / ૩/૧૨ તા. ૨૧/૧૨/૧૨ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ જમીન (હવે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે.) આ સાથેની અનુસુચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર, કડી, જી. મહેસાણાને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫ (ક)ની પેટા કલમ (૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬-૮-૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારીજાહેરનામા ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ.૧ સાથે વાંચતાં જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ સરકારશ્રીએ સદરહુ જમીનોના સંબંધવમાં હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં સદરહુ અધિનિયમની કલમ-૫(ક) હેઠળના કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર, કડી, જિ. મહેસાણાને નીમેલ છે અને ઉક્ત જમીનોના સંપાદન માટેના હુકમ કરવા પણ અધિનિયમની કલમ-૭ અન્વયે ફરમાવવામાં આવેલ છે.

ઉક્ત જમીનનો નકશો નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસરની કચેરી, માર્કેટ યાર્ડ, કડી, જિ. મહેસાણા ખાતે કચેરી સમય દરમિયાન તપાસી શકાશે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તા. : કડી ગામ : કાસ્વા

| સ.નં. | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | જે માટે જમીનો જરૂર હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| 120 P | 0/15/93 | સેદરડી એપ્રોચ રોડ |
| 121 P | 0/09/10 | (એમ.ડી.આર.) |
| 122/1 | 0/01/50 | |
| 122/2 P | 0/12/73 | |
| 124/3 P 2 | 0/04/22 | |
| 138/6 P | 0/01/35 | |
| 138/7 A/2 | 0/07/92 | |
| 138/7A/18 | 0/06/45 | |
| 138/7A/20 | 0/11/52 | |
| 138/7A/21 | 0/02/42 | |
| 138/7A/2/1P/1P | 0/08/20 | |
| 137/7A/1 P | | |

સહી/-
(હસમુખ પટેલ)
નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર
કડી, જિ. મહેસાણા

સહી/-
(એચ. એન. ઠક્કર)
કલેક્ટર, મહેસાણા
ક્રમાંક:નામાનિ/મહે/૭૯/૧૩-૧૪